ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ



## ધી કડોદરા નાગરિક ધિરાણ સહકારી મંડળીની સભા મળી

**સભાસદોને** ચાલુ વર્ષે ૨૦% ડિવિડન્ડ અપાશે

પલસાણા: ધી કડોદરા વિભાગ નાગરિક ધિરાણ સહકારી મંડળી લિ. સહકારી ક્ષેત્રે પ્રગતિ અને વિકાસની દિશામાં સતત આગેકૂચ જારી રાખી ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨મા નાણાકીય વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ નિમિત્તે મંડળીની ૩૧મી વાર્ષિક સાધારણ સભા રવિવારના રોજ કડોદરા મગનવાડી ખાતે સંસ્થાના પ્રમુખ ધર્મેશભાઇ દેસાઇની અધ્યક્ષતામાં યોજાઇ હતી.

સભામાં ૩૧ માર્ચ-૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય હિસાબ-અહેવાલોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. મંડળીએ ગત વર્ષની સરખામણીએ સભાસદોને ચાલુ વર્ષમાં પણ ૨૦% ડિવિડન્ડ આપવાનું નક્કી કર્યું છે. સાધારણ સભાની મંજૂરી મળતાં આ ડિવિડન્ડ ૧ ઓગસ્ટ-૨૦૨૬થી સભાસદોના ફરજિયાત ખાતામાં જમા કરવામાં આવશે. મંડળીએ ડિપોઝિટમાં ૯.૭૪%ના વધારા સહિત રૂ.૩૭૫૦-૮૭ લાખ જેટલી ડિપોઝિટ જમા લીધી છે. તેમજ ધિરાણમાં ૭.૯૬%ના વધારા સહિત રૂ.૩૫૫૫-૩૪ લાખ જેટલું ધિરાણ સભાસદોને આપ્યું છે. વિશેષમાં મંડળીના કાર્યક્ષેત્રમાં આવેલી ધિરાણ મંડળી સિવાયની તમામ સહકારી મંડળીઓ કે કોઈપણ ટ્રસ્ટ, ગામની સમિતિઓને સભાસદ બનાવવાની મંજૂરી મળી ગઇ છે. જેથી જેમણે સભાસદ બનવું હોય તેમણે મંડળીમાં સંપર્ક કરવો. જિલ્લા રજિસ્ટ્રાર તરફથી પેટા નિયમો અને નવી ઓફિસ મકાન અંગે જમીન ખરીદીની મંજૂરી પણ મળી ગઇ છે. જેની સભાએ નોંધ લઇ મંજૂર રાખવા ઠરાવ્યું છે.

## ભાજપના ‘લીલોતરી’ કાર્યક્રમના માત્ર ૧૬ દિવસમાં જ છોડવા કરમાયા!

**નેત્રંગમાં** વૃક્ષારોપણ થયું, ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં ચમક્યા, પણ પછી બધું ભુલાયું







પ્રદીપ ગુર્જર

નેત્રંગ: પ્રધાનમંત્રીનાં ૧૨ વર્ષના શાસનની ઉજવણીના ભાગરૂપે ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગત તા. ૮ જૂનના રોજ નેત્રંગ નગરમાં શ્રીજી ફળિયા પાસે, રેલવે બ્રિજની બાજુમાં આવેલા સ્મશાનગૃહની નજીકના ઉજ્જડ બાગમાં ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના હોદ્દેદારો અને કાર્યકરોની ઉપસ્થિતિમાં વાજતે-ગાજતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજર રહીને પર્યાવરણની જાળવણીના મોટા-મોટા દાવાઓ સાથે લીલાછમ રોપાઓનું વાવેતર કર્યું હતું અને સોશિયલ મીડિયા પર ફોટોગ્રાફ્સ પણ ચમકાવ્યા હતા. પરંતુ આ વૃક્ષારોપણ પાછળનો હેતુ માત્ર ‘ફોટો સેશન’ પૂરતો જ સીમિત હતો તેવું હવે સ્થાનિકો ચર્ચા કરી રહ્યા છે. કાર્યક્રમને માત્ર ૧૬ દિવસ જેટલો ટૂંકો સમય વીત્યો છે ત્યાં જ આ રોપાયેલા છોડવાઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે.

યોગ્ય માવજત અને પાણીના અભાવે લીલાછમ રોપા પરથી પાંદડાં ખરી પડ્યાં છે અને છોડ સુકાઈ રહ્યા છે. નેત્રંગના જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું નેતાઓ અને કાર્યકરોની ફરજ માત્ર છોડ રોપીને ફોટા પડાવવા પૂરતી જ સીમિત છે? જો આ રોપાઓનું યોગ્ય જતન જ નહોતું કરવું, તો આવા સરકારી કે પક્ષીય તાયફાઓ પાછળ ખર્ચ કરવાનો શું મતલબ? તંત્ર અને સંગઠન આ બાબતે ગંભીરતા દાખવી છોડવાઓને બચાવે તેવી લોકમાંગ ઊઠી છે.

## માંડવીમાં બેંક અધિકારીના સ્વાંગમાં યુવક સાથે ઓનલાઇન ઠગાઈ

**તમે** ખાતાનું KYC નહીં કરાવો તો ખાતું બંધ થઈ જશે કહી ગઠિયાએ જાળ બિછાવી, સાયબર ક્રાઈમમાં ફરિયાદ

માંડવી: માંડવી ખાતે રહેતા અને ટૂર એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા મોહમ્મદ આરીફ રહીમમીયા શેખ ઓનલાઈન સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. બેંક અધિકારી હોવાની ખોટી ઓળખ આપી અજાણ્યા ગઠિયાએ KYC અપડેટ કરવાના બહાને તેમના ખાતામાંથી કુલ રૂ.31,980ની રકમ સેરવી લીધી હોવાની સત્તાવાર ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મોહમ્મદ આરીફના મોબાઈલ નંબર પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે UCO બેંકમાંથી બોલે છે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા અને જણાવ્યું હતું કે, જો તમે ખાતાનું KYC નહીં કરાવો તો 28 તારીખ સુધીમાં તમારું કરન્ટ એકાઉન્ટ બંધ થઈ જશે. ફરિયાદીએ બેંકમાં જઈને KYC કરાવવાની વાત કરતાં ગઠિયાએ ફોન પર જ પ્રક્રિયા કરી આપવાની લાલચ આપી હતી. ત્યારબાદ આ ગઠિયાએ ફરિયાદીના વોટ્સએપ પર એક ‘IMPORTANT ANNOUNCEMENT’ લખેલો ફોટો અને ‘UCO BANK E-KYC UPDATE UC6 APK’ નામની 13 MBની શંકાસ્પદ ફાઈલ મોકલી હતી. બેંક કર્મચારી સમજીને ફરિયાદીએ આ ફાઈલ ડાઉનલોડ કરી તેમાં પોતાની માહિતી ભરીને સબમિટ કરી હતી. માહિતી સબમિટ થતાં જ ફરિયાદીનો મોબાઈલ હેક થઈ ગયો હતો. મોબાઈલ હેક થતાં જ ગણતરીની મિનિટોમાં તેમના કરન્ટ એકાઉન્ટમાંથી પહેલા રૂ.9,999 અને ત્યારબાદ રૂ.5 હજાર ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. આ અંગે ફરિયાદીએ ફોન કરનારને પૂછતાં, તેણે આ નાણાં થોડીવારમાં પરત ક્રેડિટ થઈ જશે તેવો ખોટો વાયદો કર્યો હતો. બાદ પણ છેતરપિંડીનો આ સિલસિલો અટક્યો નહોતો. ગત તા.14 માર્ચે રી તેમના સેવિંગ્સ એકાઉન્ટમાંથી પણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ.9,981 અને રૂ.7,000 ઉપડી ગયા હતા. જ્યારે ફરિયાદીએ UCO બેંકની માંડવી શાખામાં રૂબરૂ જઈ તપાસ કરી ત્યારે બેંક મેનેજરે આ ટ્રાન્ઝેક્શન કોઈ ઓનલાઈન એપ્લિકેશન (MAGICPINGurg) દ્વારા ખરીદી કરવા માટે થયા હોવાનું જણાવ્યું હતું અને બેંક તરફથી આવો કોઈ ફોન ન કરાયો હોવાની સ્પષ્ટતા કરી હતી. પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનું જણાતાં ફરિયાદીએ તાત્કાલિક ડેબિટ કાર્ડ અને ખાતાં બ્લોક કરાવ્યાં હતાં. આ મામલે મોહમ્મદ આરીફે નેશનલ સાયબર ક્રાઈમ પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ નોંધાવ્યા બાદ માંડવી પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ દાખલ કરી છે, જેના આધારે પોલીસે અજાણ્યા મોબાઈલ ધારક સામે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

## અંકલેશ્વરની સગીરા પર દુષ્કર્મ આચરનારને 20 વર્ષની સખત કેદ

**4 વર્ષ** પહેલાં શાબીરખાન 15 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો



અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં વર્ષ-૨૦૨૨ દરમિયાન 15 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ તેના પર વારંવાર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં અંકલેશ્વરની પોક્સો કોર્ટે આરોપીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે જ રૂ.48 હજારનો દંડ અને પીડિતાને રૂ.4 લાખ વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર આરોપી શાબીરખાન અસગરખાને સગીરાને ફોસલાવી લગ્નની લાલચ આપી પોતાના વતન ઉત્તરપ્રદેશ લઈ જઈ તેના પર અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે આરોપી વિરુદ્ધ અંકલેશ્વરની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ તેમજ પોક્સો કોર્ટના સ્પેશિયલ ડેઝિગ્નેટેડ જજ સી.કે.મુન્શીની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ પીયૂષ રાજપૂતે કોર્ટ સમક્ષ 19 સાક્ષી તથા 45 દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તમામ પુરાવા અને દલીલોને ધ્યાનમાં લઈ પોક્સો કોર્ટના સ્પેશિયલ ડેઝિગ્નેટેડ જજ સી.કે.મુન્શીએ આરોપી શાબીરખાન અસગરખાનને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા તથા રૂ.48 હજારનો દંડ ફટકાર્યો હતો. ઉપરાંત કોર્ટે પીડિત સગીરાને રૂ.4 લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. બાળ સુરક્ષા અને મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ સામે આ ચુકાદો કડક સંદેશરૂપ માનવામાં આવી રહ્યો છે.

## પલસાણા પંથકમાં જાહેરનામાનો ભંગ કરનારા ભેરવાયા

પલસાણા: સુરત ગ્રામ્યના પલસાણા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ કરવા પોલીસ ઈન્સ્પેક્ટર બી.ડી.ઝીલરીયા અને તેમની ટીમ દ્વારા એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ, કાયદેસરના ભાડા કરાર કે પોલીસ વેરિફિકેશન વિના મકાન, દુકાન કે ઓફિસ ભાડે આપનારા ૨૦૧ મકાનમાલિક સામે ગુનો નોંધી કાર્યવાહી કરાઈ છે.

આ ઉપરાંત વાહન ચેકિંગ દરમિયાન ૯૫૨ વાહનની તપાસ કરી ૧૭ વાહન ડિટેન કરાયાં હતાં. જ્યારે ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન અને ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ હેઠળ ગુના નોંધી ૧૦૧ ઈ-ચલણ ઈશ્યુ કરાયાં હતાં.

પોલીસે સ્થાનિક રહીશોને અપીલ કરી છે કે સુરક્ષાના ભાગરૂપે કોઈપણ અજાણ્યા વ્યક્તિને મકાન ભાડે આપતા પહેલાં ભાડા કરાર કરી પોલીસને જાણ અવશ્ય કરવી.

## સંક્ષિપ્ત સમાચાર

### UPL યુનિ.માં શૈક્ષણિક શ્રેષ્ઠતાનો મહોત્સવ



ભરૂચ: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી ખાતે આજે “અભ્યુત્થાન-2026” શૈક્ષણિક એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં બેચલર ઓફ એન્જિનિયરિંગ, માસ્ટર ઓફ એન્જિનિયરિંગ તેમજ બેચલર ઓફ સાયન્સના વિદ્યાર્થીઓને ઉનાળુ સત્રની પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન બદલ સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો.એસ.એન.અગ્રાવત (પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, અંકલેશ્વર) અને વિશિષ્ટ અતિથિ તરીકે સુબીશ નાયર (ફેક્ટરી હેડ, ગોદરેજ ઇન્ડસ્ટ્રિઝ લિ., વાલિયા અને ખેડા), યુનિવર્સિટીના પ્રમુખ અશોક પંજવાણી, ટ્રસ્ટી અંગિરસ શુક્લા, પ્રોવોસ્ટ પ્રો. કાંત વાઘ, અધ્યાપકો, કર્મચારીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમારોહ દરમિયાન કુલ 379 વિદ્યાર્થીને પ્રમાણપત્ર અને રૂ.1,57,900ની કુલ ઇનામી રકમ એનાયત કરવામાં આવી હતી. ઉપરાંત 16 વિદ્યાર્થીએ 10.00 SPI પ્રાપ્ત કરી શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચતમ ધોરણ સ્થાપિત કર્યા હતા. ચાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સતત અને અનુકરણીય શૈક્ષણિક પ્રદર્શન બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

### વ્યારાના ઘાટા ગામે શાળા પ્રવેશોત્સવ



વ્યારા: તાપી જિલ્લામાં વિવિધ શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. ત્યારે બારડોલી લોકસભા મતવિસ્તારના સાંસદ પ્રભુભાઈ વસાવાએ તાપી જિલ્લામાં શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વર્ષ દરમિયાન સૌથી વધુ હાજરી ધરાવતા વિદ્યાર્થીઓને સાંસદના હસ્તે પ્રશસ્તિપત્ર અને મેડલ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ ઘાટા ગામનું ગૌરવ એવા સુરત ખાતે ડેપ્યુટી કલેક્ટર તરીકે ફરજ બજાવતા દિનેશ ગામીત, નેશનલ મેડાલિસ્ટ અપેક્ષા ગામીત અને સ્ટેટ મેડાલિસ્ટ પ્રિયાંશી ગામીતનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, ગામના સરપંચ કમલેશ ગામીત સહિત ગામના આગેવાનો, વાલીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સોનગઢમાં શાંતિ સમિતિની બેઠક મળી



સોનગઢ: આગામી મોહરમ પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવાના ઉદ્દેશ સાથે બપોરે 4 વાગ્યે સોનગઢ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સોનગઢ પોલીસ સ્ટેશનના PSI કે.આર.ચૌધરી, એ.સી.ચૌધરી અને વાય. સી.જરગેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ઉવા-કાપલિયાની શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

બારડોલી: રાજ્યભરમાં તા.૨૩થી ૨૫ જૂન દરમિયાન ત્રિદિવસીય ‘શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ’નો પ્રારંભ થયો છે. જે અંતર્ગત બારડોલી તાલુકાના ઉવા અને કાપલિયા ગામની પ્રાથમિક શાળામાં રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીતના હસ્તે બાલવાટિકાના ૧૪ ભૂલકાંનો શાળાપ્રવેશ કરાવવામાં આવ્યો હતો. મંત્રીએ ઉવા ગામના ૯ અને કાપલિયા ગામના ૫ બાળકોને કુમકુમ તિલક કરી તેમજ ચોકલેટથી મોં મીઠું કરાવી ઉત્સાહભેર નામાંકન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રી અને મહાનુભાવોના હસ્તે નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સ્કૂલબેગ અને નોટબુક સહિતની શૈક્ષણિક કિટ અર્પણ કરવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવા માટે શાળાના પ્રાંગણમાં છોડ રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી આશાબેન ચૌધરી, મદદનીશ કમિશનર કે.એમ. સિંધવ, સ્થાનિક સરપંચ, બંને શાળાઓના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### બારડોલીની બી.એ.બી.એસ. હાઇસ્કૂલમાં શાળાપ્રવેશ, બાળકોનું નામાંકન કરાયું

બારડોલી: બારડોલીની બી.એ.બી.એસ.હાઈસ્કૂલમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ હિરલબેન વ્યાસ, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.આર. વાળા તેમજ શાળાના હોદ્દેદારોની પ્રેરક ઉપસ્થિતિમાં ધો.૯ના ૩૦૧ અને ધોરણ-૧૧ના ૧૯૫ મળી કુલ ૪૯૬ વિદ્યાર્થીનું કુમકુમ તિલક સાથે નામાંકન કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવા પ્રવેશ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપીને પ્રોત્સાહિત કરાયા હતા, તેમજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાયું હતું. આ ઉપરાંત એસ્પાયર એવોર્ડ મેળવનાર શાળાના ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થીને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ અવસરે સંસ્થાના ઉપપ્રમુખ દિનેશસિંહ દેસાઈ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### ભરૂચમાં વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશ, શ્રેષ્ઠ હાજરી આપનારા વિદ્યાર્થીઓનું સન્માન



ભરૂચ: શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-2026 અંતર્ગત આજે ભરૂચના કરમાડ પ્રાથમિક શાળા અને સદાનંદ વિદ્યાલય અમલેશ્વર ખાતે ગુજરાત રાજ્યના એડિશનલ ચીફ સેક્રેટરી અંજુ શર્માએ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને જ્ઞાનસેતુ શિષ્યવૃત્તિ પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓ તેમજ નિયમિત શ્રેષ્ઠ હાજરી આપનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. શાળાના પ્રાંગણમાં છોપ પણ રોપાયા હતા. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ટ્રાફિક અવનેશ માટે સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે પ્રોબેશનલ IAS અદિનજાજી, શાળાના આચાર્ય, શાળાના મંત્રી પ્રવીણસિંહ રણા, અભિરાજ ગુપ્તા, મહિલા અને બાળ વિકાસ અધિકારી કાશ્મીરા સાવંત, ડિસ્ટ્રિક્ટ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અજયસિંહ રણા, CRC કો-ઓર્ડિનેટર, શિક્ષકો, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પીપોદરા જીઆઈડીસીમાં શ્રમિકનું મોત

હથોડા: પીપોદરા જીઆઈડીસી ખાતે આવેલા રાધે સિલ્વર ઇન્ડસ્ટ્રિયલ પાર્કમાં વિષ્ણુભાઈની બિલ્ડિંગના રૂમ નં.૨૮માં રહેતા મૂળ ઓડિશાના 33 વર્ષીય શ્રમિક નારાયણ ઉર્ફે ડોક્ટર પ્રધાન ફેક્ટરીમાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો હતો. ગઈકાલે બપોરે ૧ વાગ્યે તેઓ સૂઈ ગયા બાદ સાંજે ૭ વાગ્યા સુધી પણ જાગ્યો નહોતો. શરીરમાં કોઈ હલનચલન ન જણાતાં અને શ્વાસ બંધ હોવાથી તેમનું મોત નીપજ્યું હોવાનું બહાર આવ્યું છે. પાલોદ પોલીસે લાશનો કબજો મેળવી કાર્યવાહી સાથે વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણાની મિલમાંથી લાખો રૂપિયાના સામાનની ચોરી થતાં પોલીસ ફરિયાદ

પલસાણા: પલસાણા ગામના કાલાઘોડા ઇકો પાર્ક ખાતે ‘સંગમ ફેશન પ્રાઇવેટ મિલ’ આવેલી છે. તા.૨૧ જૂન-૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૧ વાગ્યાના સુમારે ચોરોએ આ મિલની અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો મિલમાંથી આશરે ૧૨૫ મીટર જેટલો કોપર વાયર, જેની અંદાજિત કિં.રૂ.૧૮,૭૫૦ ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ મામલે મિલના કર્મચારી મહેશભાઈ શર્માએ તા.૨૨ જૂન ૨૦૨૬ના રોજ રાત્રે પલસાણા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### પ્રમુખસ્વામી મહારાજના નિરાળા નેતૃત્વ પર વિશિષ્ટ સભા



બારડોલી: બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રમુખ વરણી દિન નિમિત્તે બારડોલી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં વિશિષ્ટ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અટલાદરાથી પધારેલા પૂજ્ય વિવેકનિષ્ઠ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય અને નિરાળા નેતૃત્વ વિષે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. સમગ્ર સભાનું સંચાલન પૂજ્ય ધ્યાનજીવન સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### વાંદરવેલીમાં કાર અડફેટે બાઇક ચાલક ઘાયલ

નેત્રંગ: નેત્રંગ-રાજપીપળા રોડ પર વાંદરવેલી ગામના પાટિયા નજીક રોંગ સાઇડથી આવતી કારે બાઇકને ટક્કર મારતાં કંબોડિયા ગામના રવિભાઈ વસાવા ગંભીર રીતે ઘવાયા હતા. તેમને વધુ સારવાર માટે અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માત બાદ કારચાલક હરેશભાઈએ સારવારનો તમામ ખર્ચ આપવાની ખાતરી આપી રૂ.૧૫,૦૦૦ ચૂકવ્યા હતા, પરંતુ પાછળથી બાકીનો ખર્ચ આપવાની ના પાડી દીધી હતી. આથી ઇજાગ્રસ્તની પત્ની તુલસીબેને કારચાલક વિરુદ્ધ નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### ડોલવણના જંગલમાં યુવાનનો આપઘાત

વ્યારા: ડોલવણના પાલાવાડી ગામના ૪૦ વર્ષીય કૌશિકભાઈ જંતુભાઈ ચૌધરીએ ઉમરવાવ નજીક જંગલમાં લીમડાના ઝાડ સાથે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અગમ્ય કારણોસર ભરેલા આ પગલાં અંગે ડોલવણ પોલીસે મૃતકના ભાઈ દિનેશની ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## સરભાણમાં ગ્રા.પં.ના બાંધકામના કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવા માંગ

**રૂ.૨૫** લાખના ખર્ચે બનતા પંચાયત ભવનમાં પાયાના કામમાં જ ભ્રષ્ટાચારના આક્ષેપ



આમોદ: આમોદના સરભાણ ગામે અંદાજિત રૂ.૨૫ લાખના ખર્ચે નિર્માણાધીન ગ્રામ પંચાયત ભવનના બાંધકામમાં ગંભીર ગેરરીતિઓ સામે આવતાં સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જોર પકડ્યું છે. કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરને કામ સોંપી દેતાં ટેક્નિકલ બેદરકારી સામે આવી છે, જેમાં છાપકામ કર્યા વગર બીમ કોલમ બાંધી દેતાં બિંબના સળિયા કાપી ભ્રષ્ટાચારને છાવરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે કથિત ભ્રષ્ટાચાર સામે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખે કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવાની માંગણી કરતાં ખળભળાટ મચી ગયો હતો.

આમોદ તાલુકાના સરભાણ પંચાયત ભવનના બાંધકામ દરમિયાન યોગ્ય માપદંડો અને લાઇન દોરી વિના બિમ-કોલમનું કામ કરવામાં આવ્યું હતું. પરિણામે બાંધકામની ગુણવત્તા અને માળખાકીય ચોકસાઈ અંગે પ્રશ્નો ઊભા થયા હતા. જેથી સરભાણ ગામના જાગૃત નાગરિકો દ્વારા કામગીરીની ચકાસણી કરવામાં આવતાં બાંધકામમાં ખામી જોવા મળી હતી. ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા પેટા કોન્ટ્રાક્ટરના મજૂરો પાસે કામ બંધ કરાવી ફરીથી નવા બીમ કોલમ નાંખવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ સમગ્ર મામલે આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજીએ જણાવ્યું હતું કે, પંચાયત ભવનનું નવું બિલ્ડિંગ રૂપિયા ૨૫ લાખના ખર્ચે બની રહ્યું છે, જેમાં કોન્ટ્રાક્ટરે પેટા કોન્ટ્રાક્ટરને કામગીરી આપતા છાપકામ ખોટું કરેલું છે. બીમ લાઈન દોરી ઉપર આવતા નથી. ભ્રષ્ટાચારથી ખદબદતું ભવન હશે તો ભવિષ્યમાં પડી જશે. પંચાયત ભવનના પાયાના કામમાં જ ભ્રષ્ટાચાર કરવામાં આવતાં કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવાની માંગ કરવામાં આવી હતી. અને કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં નહીં આવે અને ફરીથી કામગીરી કરવામાં નહીં આવે તો ઉપવાસ ઉપર બેસવાની ચીમકી તંત્રને આપી હતી.

### હવે નવા બીમ ભરવામાં આવશે: સરપંચ શ્વેતાબેન

આ બાબતે સરભાણ ગામના મહિલા સરપંચ શ્વેતાબેન પટેલે જણાવ્યું હતું કે, ખોટા બીમ કોલમ જે ભરાયા છે તે બાબતે કોન્ટ્રાક્ટરને જાણ કરી છે. કોન્ટ્રાક્ટરે જાતે સ્વીકાર્યું છે કે ખોટા બીમ ભરાયા છે. જેથી તેમણે ખોટા બીમ ભરનાર મજૂરોને છૂટા કર્યા છે અને હવે નવા બીમ ભરવામાં આવશે.

## બારડોલીમાં બેભાન મળેલી મહિલાનું મોત

બારડોલી: ઈસરોલીમાં ગત ૨૧ જૂને ૪૨ વર્ષીય અજાણી મહિલા બેભાન મળતાં એકતા ગ્રુપના શકીલભાઈએ તાત્કાલિક હોસ્પિટલ ખસેડી હતી. બાદ વધુ સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડાતાં ત્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

## સામોટમાં ભાઈનો વૃદ્ધ ભાઈ પર હુમલો

ભરૂચ: ડેડિયાપાડાના સામોટ ગામે જમીનના ભાગ વિવાદને લઈ એક વૃદ્ધ પર તેના જ સગા ભાઈએ લાકડાં વડે હુમલો કર્યો હતો. ડેડિયાપાડાના સામોટ ગામે મોગરીબેડા ફરિયામાં રહેતા 70 વર્ષીય રડવીયાબાઈ ભામટાબાઈ વસાવાને તેમના સગા ભાઈ ઓલિયાભાઈ ભામટાભાઈ વસાવા સાથે જમીનના ભાગ બાબતે વિવાદ થયો હતો. ઓલિયાએ તેમની ગેરહાજરીમાં તેમના દીકરા આરસીને જમીનના ભાગ પાડવા માટે વિવાદ થયો હતો. ત્યારે કહ્યું કે, તારે મને કહેવાનું હતું, મારા છોકરાને કેમ બોલે છે? આ પૂછપરછ દરમિયાન જ આરોપીએ હાથમાં લાકડું મારીને જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઈજા થતા 108 એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ બાદ વડોદરા SSG હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. જે બાબતે આ બાબતે ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ઓલિયા વસાવા વિરુદ્ધ જાનલેવા હુમલો કરવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.